# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 13-05-2025 Day: Tuesday Evening: 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-આદમપુર ખાતે જવાનોને સંબોધન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પંજાબમાં આદમપુર ખાતે એરફોર્સ સ્ટેશનની મુલાકાત લઇ જવાનોનો જુસ્સો વધાર્યો હતો.

ઓપરેશન સિંદૂરની સફળતાની પ્રશંસા કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતે પાકિસ્તાનમાં નવ આતંકવાદી છાવણીઓનો નાશ કર્યો છે. તેમણે કહ્યું કે જે પાકિસ્તાની સેના પર આ આતંકવાદીઓ નિર્ભર હતા તેને ભારતીય સશસ્ત્ર દળોએ હરાવી દીધી છે. જવાનોને સંબોધન કરતી વખતે પ્રધાનમંત્રીએ આ વાત કહી હતી. તેમણે ઓપરેશન સિંદૂર દરમિયાન દેશનું રક્ષણ કરનાર સશસ્ત્ર દળોની હિંમત, બહાદુરી અને કાર્યક્ષમતાની પ્રશંસા કરી હતી. શ્રી મોદીએ કહ્યું કે ઓપરેશન સિંદૂરે રાષ્ટ્રનું મનોબળ વધાર્યું છે, દેશને એકતાના દોરમાં બાંધ્યો છે અને સરહદોનું રક્ષણ કર્યું છે. તેમણે ઉમેર્યું કે, સશસ્ત્ર દળોએ રાષ્ટ્રના ગૌરવને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે જે અભૂતપૂર્વ, અકલ્પનીય અને અસાધારણ છે.

--------------------------------------------------------------------------------

## CBSE પરિણામ

CBSE- કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ 10 અને 12નું પરિણામ જાહેર કર્યું છે. ધોરણ 10નું પરિણામ 93.66 ટકા આવ્યું છે જે ગત વર્ષ કરતા 0.06% વધુ છે. જ્યારે, આ વખતે ધોરણ ૧૨ની પરીક્ષામાં કુલ 88.39 ટકા વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે, જે ગત વર્ષની સરખામણીએ 0.41 ટકા વધુ છે. ધોરણ ૧૨ માં આ વખતે વિદ્યાર્થીઓની સરખામણીએ 5.94 ટકા વધુ વિદ્યાર્થિનીઓ ઉત્તીર્ણ થઈ છે.

વિદ્યાર્થીઓ WWW.RESULTS.NIC.IN અને WWW.CBSE.GOV.IN વેબસાઈટ પર પરિણામ જોઈ શકશે. ઉલ્લેખનીય છે કે, આ વખતે ધોરણ ૧૦ના 23 લાખ 71 હજાર 939 વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ના 16 લાખ 92 હજાર 794 વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી.

---

## કચ્છમાં જનજીવન પૂર્વવત

ભારત પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામ બાદ હવે આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલા પૂર્વથી પશ્ચિમ કચ્છ સુધીના તમામ ગામોમાં જનજીવન સામાન્ય થયું છે. ભારત પાકિસ્તાન તણાવ દરમ્યાન ચાર-પાંચ દિવસની ચિંતા બાદ લોકો હવે રોજિંદી પ્રવૃત્તિઓમાં પાછા ફર્યા છે.

અબડાસા તાલુકાના નલિયામાં બજારોની રોનક પરત ફરી છે તો લખપતના દયાપરમાં લોકો વહીવટી કામો માટે આવવા લાગ્યા છે. નારાયણ સરોવર યાત્રાધામમાં પણ ભાવિકોની અવરજવર શરૂ થઈ છે.

ભુજ તાલુકાના દુર્ગમ ખાવડામાં પણ પરિસ્થિતિ સામાન્ય બની હોવાનું જાણવા મળ્યું છે. સ્થળાંતરીત થયેલા  મજૂરો હવે પાછા ફરી રહ્યા છે. રાપર તાલુકાના સરહદી બેલા અને આસપાસના વિસ્તારોમાં પણ જનજીવન પૂર્વવત થયું છે.

---

## માય ભારત- નાગરિક સંરક્ષણ સ્વયંસેવક

ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા દેશભરના યુવાનોને માય ભારત નાગરિક સંરક્ષણ સ્વયંસેવક તરીકે નોંધણી કરવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે.

નેહરુ યુવા કેન્દ્ર ભુજના જિલ્લા યુવા અધિકારી રચના શર્માએ આ અંગે આકાશવાણીને વધુ માહિતી આપી હતી.

બાઈટ.... રચના શર્મા, જિલ્લા યુવા અધિકારી, નેહરુ યુવા કેન્દ્ર ભુજ

---

## અગત્યની જાહેરાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે કરેલા રાષ્ટ્રજોગ સંબોધનને આવરી લેતું કચ્છી બુલેટીન આજે સાંજે ૮ વાગ્યે આકાશવાણી ભુજ પરથી પ્રસારિત કરાશે.

---

## કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક

ધો.૧૦ અને ધો.૧૨ બાદ વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીના ઘડતર માટે માર્ગદર્શન મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૫ તૈયાર કરવામાં આવ્યો છે.

આ વિશેષાંકમાં વિનયન વિદ્યાશાખા, મેડિકલ-પેરામેડિકલ અભ્યાસક્રમો, રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓમાં ચાલતા અભ્યાસક્રમો, એન્જિનિયરિંગ ક્ષેત્રની વિવિધ શાખાઓ, ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે ઉભરતી કારકિર્દી, વિદેશમાં અભ્યાસ અને નોકરીની તકો, પ્લાસ્ટિક ટેકનોલોજીના ક્ષેત્રમાં નોકરીની તકો, ડિજિટલ મીડિયા ક્ષેત્રે કારકિર્દી, સોફ્ટવેર, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ભારતીય સશસ્ત્રદળો, કાયદા, જનસંપર્ક, કૃષિ, ડિઝાઇન કૌશલ્ય સહિતના ક્ષેત્રોમાં આધુનિક સમયમાં કારકિર્દીના વિવિધ વિકલ્પો સહિતનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

દિવ્યાંગજનોના પુનવર્સન અને વિશેષ શિક્ષણના ક્ષેત્રમાં કારકિર્દીની તકો વિશે પણ આ અંકમાં સમાવિષ્ટ છે. આ વિશેષાંક જિલ્લા માહિતી કચેરી ભુજ ખાતેથી રુબરુમાં કચેરી સમય દરમિયાન ૨૦ રૂપિયા ચૂકવીને પ્રાપ્ત કરી શકાશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

---